## ભાગ ૨૦ : "સંતાકૂકડી"

વર્ષ ૧૯૯૫ માં સ્કૂલ થી ઘરે પહોચતા નહી કે રમવા માટે તુરંત ફરી ઘરની બહાર, બધા મિત્રો ભેગા થઈ કઈ રમત રમવી એ નક્કી કરે એટલે મોટાભાગે તો "સંતાકૂકડી" નામ બહુમતીમાં આવે, કારણે કે સાંજ સમયે ઓછા પ્રકાશમાં મહોલ્લાની ગલીઓમાં છુપાવવામાં સરળતા પણ રહે અને ઘરની આસપાસ હોઈએ એટલે મમ્મીની નજરમાં રહ્યે, જેથી રાત્રે ઘરેમાં જતાની સાથે મહાભારત ન થાય..!. સંતાકૂકડી શરૂ થયે દાવ આપનાર આંખો બંધ કરી ૧ થી ૧૦૦ ગણતરી કરે કે બાકી બધા સંતાય જાય અને પછી બધાને શોધવાની કસોટી શરૂ. આ રમતમાં સૌથી મજાની વાત એ કે અમે મિત્રો એકબીજાના શર્ટ બદલી ને જાણી જોઈને થોડ હાથ દેખાય તેમ બહાર રાખ્યે, જેથી ખોટાનામ થી થપ્પો પડે અને ફરી નવેસરથી દાવ શરૂ થાય. ઘણી વાર સંતાવવા માટે ઝાડીઓનો સહારો તો ક્યારેક કોથળાનો...પગથીયા નીચે કે દરવાજાની પાછળ...બસ આવી જ અવનવી રિતો શોધી રમતની મજા લેતા....આજના ભાગનું પાત્ર પણ કઈ આવું જ, જે સંતાકૂકડીની રમતમાં કદાચ કયારે ન શોધી શકાય...!. જેમ મિ-ઇન્ડિયા પિક્ચરમાં આંખ સામે ઉભેલો અનીલ કપૂર અદશ્ય થઇ જાય એવી આ માછલી....આંખ સામે હોવા છતા જો તમે એ માછલીના રૂપ વિશે જાણતા ન હોવતો હમેશા એ જીવ તમારી નજરોમાં અદ્રશ્ય જ રહે....

Genus (જાતી): Synanceia ની "સ્ટોનફિશ" નામે જાણીતી અને ઇન્ડો-પેસિફિક સમુદ્રનાં કોરલ રીફવાળા કે પત્થરાળ કાંઠા વિસ્તારમાં રહેતી, ૧૫ થી ૬૦ સેમી લંબાઈની આ માછલી આકાર અને રંગમાં સામાન્ય પત્થર/કોરલ સ્ટોન જેવી આબેહૂબ. જાંબલી-નારંગી-લાલાશ ડાઘ વાળું કથ્થઈ-રાખોડી ખરબચડી રેસાવાળી બાહ્ય ત્વચા. શરીરની સરખામણીયે મોટુ અને પહોળું માથું. સામન્ય રીતે સમુદ્રનાં કાંઠા વિસ્તારનાં છીછરા પાણીમાં અને ખાસ કરી કોરલ કે પત્થરાળ વિસ્તારમાં રહે. રહેણાક વિસ્તારને અનુરૂપ દેખાવ એટલે છારમવરણ/છૂપાવવામાં નિષ્ણાત, શિકાર સાથે જાણે સંતાકૂકડી રમતી હોય...! એમ નજર સામે હોવા છતાં અદ્રશ્ય રહે. અન્ય નાની માછલી જેવી તેના મુખ નજીક આવે કે અચાનક તેનું મોટું મુખ ખોલી શિકારને તેમાં ગરકાવ કરી દે. તેનો હુમલો ૯૯% ખાલી નહી જાય.વળી




સ્ટોનફિશ સમુદ્રકિનારા વિસ્તારમાં રહે એટલે કદાચિત ભરતીના પાણી ઓશરતા પત્થરાળમાં ભાગમાં ફસી જાય તો પણ પાણી વગર ૨૪ કલાક જીવિત રહી શકે. આ સ્ટોનફિશની કેટલીક પ્રજાતિ નદીમાં પણ રહે.

અને નવાઈની વાત તો એ કે આ અદભૂત અને નિપૂર્ણ શિકારી "સ્ટોનફિશ" નો શિકાર કરનારા જીવ નહીવત બરાબર. જેનું કારણ સ્ટોનફીશ જોડે રહેલ અમોઘ તીર, એટલે તેની પીઠનાં ફીન્સનાં કાંટામાં આવેલ ન્યૂરોટોક્સિન ઝેર. કોઈપણ શિકારી સ્ટોનફિશને પકડવાની કોશિશ કરે એટલે તેને ફીન્સનો કાંટા વાગે અને તેમાંથી નીકળતા ઝેરને કારણે શિકારીનું મૃત્યુ થાય. કદાચ સમુદ્રના પાણીમાં ભુલથી તમારો પગ સ્ટોનફિશ પર પડે તો તેના કાટો તમને વાગે અને જેટલું વજન તેના પર પડે તે મુજબ તેમાંથી ન્યૂરોટોક્સિન ઝેરનું પ્રમાણ છોડે. ન્યૂરોટોક્સિન ઝેર એટલે અચૂક મૃત્યુ. સાપનાં ઝેર જેટલું જ નુકશાનકારક. સમુદ્રનાં અંત્યત ઝેરી જીવોની શ્રેણીમાં પ્રથમ સ્થાન, તેમ છતાં મનુષ્યને ક્યાં એનો ડર..?, એશિયન દેશોમાં સ્ટોનફિશનાં ઝેર વાળા કાંટાને દૂર કરી તેનો પણ ખોરાક તરીકે ઉપયોગ થાય. વિશ્વભરમાં આ સ્ટોનફિશનાં ઝેરનો શિકાર થનાર મનુષ્યની સંખ્યા ઘણી. અને જેમાં ઓસ્ટ્રેલિયામાં મોખરે.

* Images from Google



જ્યારે હું અંદમાનમાં હેવલોક આઈલેન્ડ પર સ્કુબા ડાઈવીંગ માટે ગયેલો. ત્યાં અંદાજીત ૩ મી. જેટલી ઊંડાઈમાં એકદમ નજદીકથી પત્થર પર સ્ટોનફિશ નજરોથી નિહાળી હતી. એ પણ સ્કુબા ગાઈડે ઈશારો કરી બતાવેલ એટલે. બાકી મારી સાથે પણ સ્ટોનફિશે રમી હોત..."સંતાકૂકડી".

https://conchology.co.in
www.facebook.com/conchology.co.in

- મેહુલ& હિરલ
  તા.30/૦૮/૨૦૨૧

---